==================================================================

GJTP060010172021

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૩-૦૭-૨૦૨૧ |
| કેસ નોંધણી તારીખ | ૧૩-૦૭-૨૦૨૧ |
| કેસ ફેંસલ તારીખ | ૦૭-૦૩-૨૦૨૬ |

| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૪ | ૭ | ૨૫ |

==================================================================

**સોનગઢનાં મહેરબાન પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું.સોનગઢ**

==================================================================

| | |
|---|---|
| **રે.દિ.મુ.નં.** | **૦૮/૨૦૨૧** |
| **આંક:** | |

| | |
|---|---|
| વાદી :- | **(૧)ધનાભાઈ રેવજીભાઈ ગામીતના વારસો,**<br>**૧.૧.ઈલાબેન તે ધનાભાઈ ગામીતના વિધવા,**<br>ઉ.વ.આ.૮૦, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૨.મોતીલાબેન ધનાભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૫૩, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૩.બીપીનભાઈ ધનાભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૪૦, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૪.લલીતાબેન ધનાભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૪૪, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૫.ચંદુભાઈ ધનાભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૪૨, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી. |
| | **વિરૂધ્ધ .....** |

==================================================================

| | |
|---|---|
| પ્રતિવાદી :- | **(૧)મનાભાઈ રેવજીભાઈ ગામીતના વારસો,**<br>**૧.૧.માળગીબેન તે મનાભાઈ રેવજીભાઈ ગામીતના વિધવા,**<br>ઉ.વ.આ.૮૫, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૨.જાતરીયાભાઈ મનાભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૬૧, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૩.ગુલીબેન મનાભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૬૦, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૪.મૈ.સુરજીભાઈ મનાભાઈ ગામીતના વારસો,**<br>**૧.૪.૧.કુંતાબેન સુરજીભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૫૮, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૪.૨.લલીતાબેન સુરજીભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૫૧, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૪.૩.રીપ્કાબેન સુરજીભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૪૮, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૪.લલુભાઈ મનાભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૫૮, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૫.મૈ.ફતેસીંગભાઈ મનાભાઈ ગામીતના વારસો,**<br>**૧.૫.૧.સામીબેન તે ફતેસીંગભાઈ મનાભાઈના વિધવા,**<br>ઉ.વ.આ.૫૫, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૫.૨.કલ્પેશભાઈ ફતેસીંગભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૩૨, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી.<br>**૧.૫.૩.કલ્પનાબેન ફતેસીંગભાઈ ગામીત,**<br>ઉ.વ.આ.૩૧, ધંધો-ખેતી,<br>રહે.કસર ફળીયુ, ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપી. |
| વિષય:- | વડીલોપાર્જીત કૌટુંબિક મિલકતની વહેંચણી તથા કાયમી મનાઈનો આંક રૂ.૧,૦૧,૦૦૦/- પુરાનો સ્પે.રીલીફ એકટની કલમ-૬, ૩૪, ૩૮ મુજબ.. |

| | |
|---|---|
| વાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી:- | જે.સી.ઢોડિયા |
| પ્રતિવાદીઓ તરફે વિદવાન વકીલ શ્રી:- | ડી.એસ.ગામીત |

==================================================================

**-:JUDGMENT:-**

**-:NARRATION OF FACTS (દાવાની હકીકત):-**

**(૧) વાદીનો કેસ (Plaintiff Version):-**

**(૧.૧)** વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, હમો વાદી તથા પ્રતિવાદીઓના અગ્રહકધારી રેવજીભાઇ સરાધીયાભાઇ ગામીતના વખતની ખેતીની જમીન મોજ ચિખલી ભેંસરોટ, તા. સોનગઢ, જી. તાપી મુકામે ખાતા નં.૧૮૪ વાળી આવેલ છે.

| અ.નં. | બ્લોક નં. | એકર ગુંઠા | આકાર રૂ.પૈ. |
|---|---|---|---|
| ૧ | ૯૮ | ૦-૮૨-૭૧ | ૦.૯૬ |
| ૨ | ૧૦૮ | ૧-૪૭-૧૨ | ૭.૫૫ |
| ૩ | ૧૧૨ | ૩-૬૬-૨૨ | ૪.૨૫ |
| ૪ | ૧૧૪ | ૦-૮૧-૦૧ | ૦.૯૦ |

**(૧.૨)** રેવજીભાઈ સરાધીયાભાઈ ગામીતનાઓ આશરે ૧૯૬૨ ની સાલમાં મરણ જતાં તેમના વખતની ખેતીની જમીનો જ ઉપર વર્ણવેલ છે તે મોજે ચીખલી ભેંસરોટ ના ખાતા નં.૧૮૪ વાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૨૫૪ થી રેવજીભાઈ સરાધીયાભાઈ ગામીતના વારસોની વારસાઈ કરવામાં આવેલ છે અને સદર વારસાઈની નોંધથી હમો વાદીઓના અગ્રહકકધારી મૈ.ધનાભાઈ રેવજીભાઈનું નામ તથા પ્રતિવાદીના અગ્રહકધારી મૈ. મનાભાઈ રેવજીભાઈનું નામ સદર જમીનના રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે. વાદી નં.૧ ના મૈ.ધનાભાઈ રેવજીભાઈ ગામીતનું મરણ થયેલ હોઈ તેમની વારસાઈ નોંધ નં.૯૨૭ થી તા.૨૬-૪-૨૦૦૦ ના રોજ દાખલ થયેલ છે. વાદી નં.૧ ના હમો વાદી નં.૧/૧ થી વાદી નં.૧/૫ નાઓ ધનાભાઈ રેવજીભાઈના વારસો છે. જ્યારે સદર કામના પ્રતિવાદીઓ મૈ. મનાભાઈ રેવજીભાઈ ગામીતના સિધીલીટીના વારસો છે. મનાભાઈ રેવજીભાઈ ની વારસાઈ થયેલી નથી.

**(૧.૩)** વધુમા હમો વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે દાવાવાળી ઉપરોક્ત મિલકતોની સરસ નરસની માપણી કરી કોઈ વહેંચણી થયેલી નથી. પરંતુ હમો વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે કૌટુંબીક સમજુતી મુજબ વગડે સહીયારામાં ખેતી કરતાં આવેલ છે અને સહીયારામાં ખેતી કરી ઉપજ લેતા આવેલા છે. પરંતુ હમો વાદીઓએ સદર કામના પ્રતિવાદીઓને અમારા અગ્રહકધારી મૈ. રેવજીભાઈ સરાધીયાભાઈ ની સદરહુ દાવામા જણાવેલ ઉપરોક્ત ખેતીની જમીન બાબતે સરસનરસની વહેંચણી કરવા અને જેના તેના હીસ્સે જે મિલકત વહેંચણીમાં આવે તે હીસ્સાની મિલકત જેના તેના સ્વતંત નામે રેવન્યુ રેકર્ડમાં કરાવી લેવા માટે સદર કામના પ્રતિવાદીઓને વારંવાર જણાવવા છતાં પ્રતિવાદીઓ સરસ-નરસની

==================================================================

==============================================================

વહેંચણી કરી જેના તેના હિસ્સાની જમીનો જેના તેના સ્વતંત્ર નામે રેવન્યુ રેકર્ડમાં કરાવવા તૈયાર થતાં નથી અને વારંવાર ખોટા બહાના અને ગલ્લા તલ્લા કરતાં આવેલ છે.

**(૧.૪)** વધુમા સદર દાવાનું કારણ હમો વાદીએ પ્રતિવાદીઓને તા.૧૨-૭-૨૧ ના રોજ સદરહુ દાવાવાળા બ્લોક નં.૧૧૨ વાળી જમીનમાં સાંજના ૪ વાગ્યાના સુમારે દાવાવાળી જમીનોની સરસનરસની વહેંચણી કરી જેના તેના હિસ્સાની જમીનામાં બ્લોક વિભાજન કરાવી જેના તેના હિસ્સાની જમીનીની પાણીપત્રકની નકલ અલગ અલગ કરાવી લેવા માટે જણાવતા સદર કામના પ્રતિવાદીઓએ ઇનકાર કરી હમો વાદીઓને સદર દાવાવાળી જમીનમાં સહીયારામાં ખેતી કરવા દેવાના નથી અને સહીયારામાં ઉપજ લેવા દેવાના નથી એવી ધમકી પ્રતિવાદીઓએ આપતા હાલનો દાવો દાવાવાળી જમીનની સરસ નરસની વહેંચણી કરી જેના તેના હિસ્સાની જમીનો જેના તેના નામે રેવન્યુ રેકર્ડમાં કરાવી લેવાની દાદ મેળવવા તથા હમો વાદીના હીસ્સાની જમીનો માં ખેતીકામ કરતાં હમો વાદી ને પ્રતિવાદીઓ હેરાન કરે કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા સદર દાવાનું કારણ નામદાર કોર્ટ ની હકૂમતમાં ઉપસ્થિત થયેલ છે. સદરહુ દાવાવાળી મિલકતની હાલના બજાર ભાવે કિં.રૂ.૧,૦૦,૦૦૦/- જેટલી થાય છે.

**(૧.૫)**વધુમા વાદી દાદ માંગે છે કે, સદર કામની દાવાવાળી જમીન મોજે ચિખલી ભેંસરોટ તા. સોનગઢ, જી. તાપી મુકામે ખાતા નં.૧૮૪ વાળી આવેલ છે જે જમીનનો બ્લોક/સર્વે નં.૯૮, ૧૦૮, ૧૧૨, ૧૧૪ ક્ષેત્રફળ હે. આરે ૬-૭૭-૦૬, આકાર રૂપીયા ૧૩.૬૬ વાળી જમીનોની સરસ નરસની વહેચણી કરી હમો વાદીનો સદર જમીનમાં સમાયેલ બીજો (૧/૨) હીસ્સો જુદો કરી આપી અમો વાદીના હીસ્સાની જમીન હમો વાદીના સ્વતંત્ર નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવાનો હુકમ તથા અમો વાદીના હીસ્સાની જમીનમાં પ્રતિવાદીઓ હમો વાદીને ખેતીકામ કરતાં તુલ લેતા હસ્તે પરહસ્તે હરકત, દખલ કે અટકાયત કરે કરાવે નહીં તેવો હુકમ હમો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓની વિરુધ્ધમાં ફરમાવવા અરજ કરેલ છે.

(૨) **<u>પ્રતિવાદીનો જવાબ/કેસ (Defendant Version) :-</u>**

**(૨.૧)** અત્રેની અદાલતમાં દાવો દાખલ થતા સદરહું દાવાનો સમન્સ પ્રતિવાદી ઓને મોકલતા અને તેની બજવણી કરતાં આ કામના પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી મારફત હાજર છે અને **<u>પ્રતિવાદીઓ તરફે આંક-૩૩</u>** થી વાદીના દાવાનો લેખિત જવાબ નીચે મુજબ રજુ કરવામા આવેલ છે.

**(૨.૨)** સદર કામનાં વાદીઓને હમો પ્રતિવાદીઓ સામે હાલનાં સ્વરૂપની દાવા અરજ કરવા કોઈ હકક અધિકાર ન હોય વાદીઓની હાલની દાવા અરજ પ્રથમદર્શને રદ થવાને પાત્ર છે. સદર કામનાં વાદીઓએ નામદાર કોર્ટ સમક્ષ ખોટી હકીકતોની રજૂઆત કરી સાચી હકીકતો છુપાવી અને તેમ કરી વાદીઓએ નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હોય જેથી પણ વાદીઓની દાવા અરજ રદ થવાને પાત્ર છે.

==============================================================

**(૨.૩)**વધુમા સદર કામનાં વાદીઓનાં દાવા અરજનાં પેરા નં.૧ માં જણાવેલ હકીકત બાબતે હમો પ્રતિવાદીઓને કોઈ તકરાર નથી.

**(૨.૪)** વધુમા વાદીઓના દાવા અરજના પેરા નં.૨ મા જણાવેલ હકીકત હમો પ્રતિવાદીઓને મહદઅંશે કબુલ મંજુર નથી. ખરી હકીકતમાં હમો પ્રતિવાદીઓના વડીલ મૈ. મનાભાઈ રેવજીભાઈ ગામીતનાઓનું તા.૨૩/૦૯/૨૦૧૭ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસોની વારસાઈ ઉપરોકત દાવા અરજવાળી જમીનોમાં નોંધ નં.૮૭૩ થી તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ દાખલ થયેલ છે. સદર દાવાવાળી જમીન હમો પક્ષકારોની વડીલોપાર્જીત ખેતી વિષયક મિલકત હોય તેમની હયાતીથી જ કબજો, ભોગવટો, વહીવટ કરી ખેડ ખાતર કરી પાક તુલ લેતા આવેલા.

**(૨.૫)**વધુમા સદર કામનાં વાદીઓનાં દાવા અરજનાં પેરા નં.૩ માં જણાવેલ હકીકત હમો પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી. ખરી હકીકતમાં હમો પક્ષકારોના અગ્રહકકધારી મૈ.ઘનાભાઈ રેવજીભાઈ ગામીતનાઓએ તેમની હયાતીમાં હમો પક્ષકારોને એટલે કે આ કામના વાદી પ્રતિવાદીઓને પોત પોતાને હિસ્સે આવતી જમીન વહેંચણીથી આપી દીધેલ અને ત્યારથી હમો પક્ષકારો પોતાના ભાગે આવેલ જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવેલ છે તેમજ પોતાના ભાગે આવેલ જમીનમાં સુધારો વધારો કરી જમીનમાં લેવલીંગ કરાવી ખેડ ખાતર કરી ખેતી કરતા આવેલ છે તેમજ હમો વાદી તથા પ્રતિવાદીઓના રેવન્યુ રેકર્ડમાં નામો ચાલી આવેલ છે જેથી પણ આ કામના વાદીને સદર દાવો કરવાનો હકક અધિકાર નથી અને સદર દાવો ચાલી શકે તેમ નથી.

**(૨.૬)**વધુમા સદર કામનાં વાદીઓનાં દાવા અરજનાં પેરા નં.૪ માં જણાવેલ હકીકત હમો પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી.

**(૨.૭)**વધુમાં સદર કામના પેરા નં.૫ માં જણાવેલ હકીકત મુજબ વાદી તથા પ્રતિવાદીઓના ઘરો આવેલા છે. તે બાબતે હમો પ્રતિવાદીઓને કોઈ તકરાર નથી પરંતુ બ્લોક સર્વે નં.૧૧૨ માં હમો પ્રતિવાદીઓ ખેતી કરી તુલ લેતા આવેલ છે અને કબજો ભોગવટો પણ હમો પ્રતિવાદીઓનો છે.

**(૨.૮)**સદર કામનાં વાદીઓનાં વહેંચણીનાં પેરા નં-૬ અને ૭ માં જણાવેલ હકીકત હમો પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી. તેમજ વાદીઓનાં દાવા અરજનાં પેરા નં.૮ માં જણાવેલ હકીકત હમો પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી.

**(૨.૯)**સદર કામનાં વાદીઓનો દાવો પ્રથમદર્શને સાચો નથી. જેથી સગવડ અગવડની સમતુલા વાદીઓના લાભમાં નથી. પરંતુ પ્રતિવાદીઓના લાભમાં છે. તેમજ સદર કામનાં વાદીઓને વહેંચણી આપવામાં ન આવે તો વાદીઓને કોઈ નુકસાન થાય તેમ નથી. આમ ઉપરોકત મુજબની હકીકતો હોય વાદીઓને વહેંચણી મળી શકે તેમ ન હોય જેથી વાદીઓના દાવા અરજ પેરા નં.૯ માં માંગવામાં આવેલ દાદ કે દાદો મળી શકે તેમ ન હોય વાદીની વહેંચણી માટેની અરજ ખોટી હોય તેમજ હમો

==============================================================

પ્રતિવાદીનાઓએ વહેંચણીમાં જણાવેલ હકીકત સાચી હોય સદર કામનાં વાદીની વહેંચણીની અરજ રદ કરવા અરજ કરેલ છે.

**(૩)મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા (Oral and Documentary Evidence):-**

આ કામે વાદી તરફે જે મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા કેસની કાર્યવાહી દરમ્યાન રજુ કરવામાં આવેલ છે. તે તમામનુ વર્ણન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૩.૧) વાદી તરફે મૌખિક પુરાવા:-**

| અ.નં. | વાદી તરફે સાહેદના નામ | આંક |
|---|---|---|
| 1 | ચંદુભાઈ ધનાભાઈ ગામીતની સોગંદ પરની સરતપાસ | ૩૭ |

**(૩.૨) વાદી તરફે દસ્તાવેજી પુરાવા:-**

| અ.નં. | વાદીએ રજુ કરેલ દસ્તાવેજોની વિગત- | આંક/નિશાની |
|---|---|---|
| ૧ | મોજે ચીખલી ભેંસરોટના ખાતા નં.૧૮૪ ના ૮-અ ના ઉતારાની નકલ | ૩૯ |
| ૨ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૯૮ ના ગા.ન.નં.૭ ના ઉતારાની નકલ | ૪૦ |
| ૩ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૯૮ ના ગા.ન.નં.૧૨ ના ઉતારાની નકલ | ૪૧ |
| ૪ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૧૦૮ ના ગા.ન.નં.૭ ના ઉતારાની નકલ | ૪૨ |
| ૫ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૧૦૮ ના ગા.ન.નં.૧૨ ના ઉતારાની નકલ | ૪૩ |
| ૬ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૧૧૨ ના ગા.ન.નં.૭ ના ઉતારાની નકલ | ૪૪ |
| ૭ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૧૧૨ ના ગા.ન.નં.૧૨ ના ઉતારાની નકલ | ૪૫ |
| ૮ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૧૧૪ ના ગા.ન.નં.૭ ના ઉતારાની નકલ | ૪૬ |
| ૯ | મોજે ચીખલી ભેંસરોટના બ્લોક નં.૧૧૪ ના ગા.ન.નં.૧૨ ના ઉતારાની નકલ | ૪૭ |
| ૧૦ | મોજે ચીખલી ભેંસરોટના રેવન્યુ રેકર્ડમા થયેલ નોંધ નં.૨૫૪ | ૪૮ |

==============================================================

| | | |
|---|---|---|
| ૧૧ | મોજે ચીખલી ભેંસરોટના રેવન્યુ રેકર્ડમા થયેલ નોંધ નં.૬૨૭ | ૪૯ |
| ૧૨ | મોજે ચીખલી ભેંસરોટના રેવન્યુ રેકર્ડમા થયેલ નોંધ નં.૬૮૬ | ૫૦ |
| ૧૩ | મોજે ચીખલી ભેંસરોટના રેવન્યુ રેકર્ડમા થયેલ નોંધ નં.૭૦૪ | ૫૧ |
| ૧૪ | મોજે ચીખલી ભેંસરોટના રેવન્યુ રેકર્ડમા થયેલ નોંધ નં.૭૧૫ | ૫૨ |
| ૧૫ | મોજે ચીખલી ભેંસરોટના રેવન્યુ રેકર્ડમા થયેલ નોંધ નં.૭૧૪ | ૫૩ |
| ૧૬ | મોજે ચીખલી ભેંસરોટના રેવન્યુ રેકર્ડમા થયેલ નોંધ નં.૮૨૭ | ૫૪ |
| ૧૭ | વાદીના બી.પી.એલ. રેશનકાર્ડની નકલ | ૩/૧૮ |

પ્રતિવાદી તરફે તેઓના પુરાવાને સ્ટેજે તેઓએ કોઈ પુરાવો રજુ કરેલ ના હોય પ્રતિવાદીઓનો તા.૨૨–૧૨–૨૫ ના રોજ રોજકામમા હુકમ કરી પ્રતિવાદીનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામા આવેલ છે.

(૪) વધુમા આ કામના **<u>વાદી તરફે આંક–૫૯</u>** થી પુરાવા બંધની પુરસીસ આપીને પોતાનો પુરાવો બંધ કરેલાનું જાહેર કરેલ છે.

**(૫) <u>દલીલ (Argument)</u>:–**

આ કામે વાદી તરફે મૌખિક દલીલ રજુ કરવામા આવેલ છે જે ધ્યાને લેવામા આવેલ છે. તેમજ પ્રતિવાદીઓ કે તેમના વિ.વ.શ્રીનાઓ હાજર ન હોય જેથી પ્રતિવાદીનો દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

**(૬) <u>મુદદા:–</u>**

**(૬.૧)** આ કામે વાદીના દાવા તથા પ્રતિવાદીના જવાબના આધારે **<u>આંક–૩૫</u>** થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

(૧)શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓના અગ્રહકકધારી રેવજીભાઈ સરાધીયાભાઈ ગામીતની છે?

(૨)શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનની પક્ષકારો વચ્ચે કૌટુંબિક વહેંચણી થયેલી નથી પરંતુ કૌટુંબિક સમજુતી મુજબ વગડે સહીયારામા જમીન ખેડતા આવેલા છે?

(૩)શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, પક્ષકારોના અગ્રહકકધારી મૈ.ધનાભાઈ રેવજીભાઈ ગામીતનાઓએ તેમની હયાતીમા પક્ષકારો વચ્ચે જમીનની વહેંચણી કરી આપેલી

==============================================================

અને તે વહેંચણી મુજબ પ્રતિવાદીઓ તેમના હિસ્સાની જમીનમાં ખેતી કરતા આવેલા છે?

(૪)શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૫)શું હુકમ અને હુકમનામું?

**(૬.૨)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧)હકારમાં.

(૨)હકારમાં.

(૩)નકારમાં.

(૪)હકારમાં.

(૫)આખરી હુકમ મુજબ.

**<u>કારણો/ ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકનઃ-</u>**
**<u>Findings/Discussion And Appreciation Of Evidence</u>**:-

**<u>-:કારણોઃ-</u>**

**<u>-:મુદ્દા નંબર ૧ અને ૨ઃ-</u>**

**(૭)મુદા નં.(૧)**શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓના અગ્રહકકધારી રેવજીભાઈ સરાધીયાભાઈ ગામીતની છે?

**મુદા નં.(૨)**શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનની પક્ષકારો વચ્ચે કૌટુંબિક વહેંચણી થયેલી નથી પરંતુ કૌટુંબિક સમજુતી મુજબ વગડે સહીયારામા જમીન ખેડતા આવેલા છે?

**(૭.૧)**મુદા નં.૧ અને ૨ એકબીજા સાથે સંકડાયેલ હોય હકીકતોનુ પુનરાવર્તન ટાળવા બંને મુદાઓની ચર્ચા એકસાથે કરવામા આવે છે. પુરાવા ધારાની કલમ-૧૦૧ તથા ૧૦૨ ના પ્રબંધો મુજબ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત એવો છે કે પુરાવાનો ભાર હંમેશા હકારાત્મક હોય છે. જેથી જે હકીકત તરીકે જાહેર કરનાર ઉપર પુરાવાનો ભાર રહેલો છે તેનો ઈન્કાર કરનાર પર નહી. જેથી પ્રારંભિક સાબિતીનો ભાર વાદી ઉપ્ર રહેલો છે કે, જેથી અદાલત સમક્ષ એવી હકીકત પુરવાર થાય કે વાદીએ જણાવેલ હકીકત કાયદેસર રીતે યોગ્ય છે ત્યારે અદાલત વાદી પક્ષની તરફેણમા હુકમનામુ કરવા વિચારણા કરી શકે છે. ત્યારબાદ પુરાવાની જવાબદારી પ્રતિવાદી પક્ષના શીરે રહે છે. જેથી પ્રતિવાદી પક્ષની નબળાઈ કે દાખવેલ બેદરકારીથી વાદીપક્ષ પરનો પુરાવાનો બોજો કયારેય ખસતો નથી. વધુમા A.I.R.1999 SC 1441(Vidhyadhar vs Mankikrao) મા ઠરાવવામા આવેલ છે કે, દાવામાનો કોઈ પક્ષકાર સાક્ષી પુરાવો

==============================================================

==============================================================

આપવા માટે વીટનેશ બોક્ષમા ન આવે તો તેથી તેની વિરૂધ્ધ અનુમાન કરવાનુ કારણ જ રહે છે. ઉપરોકત સિધ્ધાંત કાયદાની પરિસ્થિતિ ધ્યાને લઈ હાલના કેસમા રજુ પુરાવાની ચર્ચા/મુલ્યાંકન કરવામા આવેલ છે. પ્રતિવાદી પક્ષે પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. પરંતુ લેખિત જવાબની હકીકતો પુરવાર કરવા માટે પ્રતિવાદીએ વાદીની કોઈ ઉલટતપાસ કરેલ નથી કે પ્રતિવાદીએ તેઓનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી ચેલેન્જ કરેલ નથી.

**(૭.૨)**વાદીએ મુદા નં.૧ અને ૨ પુરવાર કરવા માટે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે ધ્યાને લેવામા આવે તો, આંક-૩૭ થી વાદી ચંદુભાઈ ઘનાભાઈ ગામીતનાઓએ તેઓની સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે. જેમા વાદી જણાવે છે કે, અમો વાદી તથા પ્રતિવાદીઓના અગ્રહકકધારી રેવજીભાઈ સરાધીયાભાઈ ગામીતના વખતથી ખેતીની જમીન મોજે ચીખલી ભેંસરોટ તા.સોનગઢ મુકામે ખાતા નં.૧૮૪ થી નીચે મુજબ છે.

| અ.નં. | બ્લોક નં. | એકર ગુંઠા | આકાર રૂ.પૈ. |
|---|---|---|---|
| ૧ | ૯૮ | ૦-૮૨-૭૧ | ૦.૯૬ |
| ૨ | ૧૦૮ | ૧-૪૭-૧૨ | ૭.૫૫ |
| ૩ | ૧૧૨ | ૩-૬૬-૨૨ | ૪.૨૫ |
| ૪ | ૧૧૪ | ૦-૮૧-૦૧ | ૦.૯૦ |

**(૭.૩)**વાદીએ તેઓના સદર કથનના સમર્થનમા આંક-૪૮ થી રજુ ગા.ન.નં.૬ હકકપત્રકની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા દાવાવાળી જમીન મુળ રેવજીભાઈ સરાધીયાભાઈ ગામીતની માલિકીની હતી અને તેઓના અવસાન બાદ તેઓના વારસદારોના નામે દાવાવાળી મિલકત રેવન્યુ રેકર્ડમા દાખલ થયેલી. આમ સદર દસ્તાવેજથી દાવાવાળી જમીન મુળ રેવજીભાઈ સરાધીયાભાઈ ગામીતની હતી તે હકીકત પુરવાર થાય છે. વધુમા વાદી તેઓની આંક-૩૭ ની સરતપાસમા એવુ જણાવે છે કે, અમો વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે દાવાવાળી મિલકતોનુ સરસ નરસની માપણી કરી કોઈ વહેંચણી થયેલી નથી. પરંતુ અમો વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે કૌટુંબિક સમજુતી મુજબ વગડે સહીયારામા ખેતી કરતા આવેલ છે અને સહીયારામા ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. વાદીએ તેઓની સરતપાસમા જે હકીકત જણાવેલ છે તેનુ ખંડન કરવા માટે પ્રતિવાદીઓ તરફે વાદીની કોઈ ઉલટતપાસ કરવામા આવેલ નથી. તેમજ પ્રતિવાદીઓ તરફે તેઓનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પણ રજુ કરવામા આવેલ નથી.

==============================================================

=================================================================

પ્રતિવાદીઓએ માત્ર દાવાનો જવાબ રજુ કરેલ છે. પરંતુ તેઓના જવાબમા જે હકીકતો જણાવેલી છે તે મુજબનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પ્રતિવાદીઓએ રજુ કરેલ નથી. તેવા સંજોગોમા વાદીએ તેઓની સરતપાસમા જે હકીકતો જણાવેલી છે તે ન માનવાને કોઈ કારણ નથી. વધુમા વાદી તરફે આંક-૩૯ થી આંક-૫૪ સુધીના જે રેવન્યુ રેકર્ડની નકલો રજુ કરેલ છે તે રેવન્યુ રેકર્ડ વંચાણે લેવામા આવે તો દાવાવાળી મિલકત હાલ વાદીઓ તથા મનાભાઈ રેવજીભાઈના નામે સંયુકત રીતે ચાલતી હોવાનુ જણાય આવે છે. આમ રેવન્યુ રેકર્ડ જોતા વાદીઓને દાવાવાળી જમીનમા હકક, હિસ્સો હોવાનુ સાબિત થાય છે. આમ વાદી તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે ધ્યાને લેતા વાદી મુદા નં.૧ તથા ર ની હકીકત પુરવાર કરવામા સફળ રહેલ હોય મુદા નં.૧ તથા ર નો જવાબ હકારમા આપવામા આવે છે.

**-:મુદ્દા નંબર ૩ :-**

**(૮)મુદા નં.(૩)**શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, પક્ષકારોના અગ્રહકકધારી મૈ.ધનાભાઈ રેવજીભાઈ ગામીતનાઓએ તેમની હયાતીમા પક્ષકારો વચ્ચે જમીનની વહેંચણી કરી આપેલી અને તે વહેંચણી મુજબ પ્રતિવાદીઓ તેમના હિસ્સાની જમીનમાં ખેતી કરતા આવેલા છે?

**(૮.૧)**મુદા નં.૩ પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીની છે. પ્રતિવાદીઓએ તેઓનો જવાબ રજુ કરેલ છે અને જવાબમા જે બચાવ લીધેલ છે તે બચાવ પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ પ્રતિવાદીઓએ વાદીની ઉલટતપાસ પણ કરેલ નથી. આમ જયારે વાદીએ તેઓનો બચાવ રજુ કરેલ ના હોય કે કોઈ પુરાવો રજુ કરેલ ના હોય તેવા સંજોગોમા પ્રતિવાદીઓ મુદા નં.૩ પુરવાર કરી શકેલ નહી અને તે મુજબ મુદા નં.૩ નો જવાબ નકારમા આપવામા આવે છે.

**-:મુદા નં.૪:-**

**(૯)** મુદા નં.(૪)શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

**(૯.૧)**ઉપરોકત ચર્ચા કરી તે મુજબ જયારે વાદીએ તેઓની દાવા અરજીમાની હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલી છે. વાદી તરફે રજુ રેવન્યુ રેકર્ડ જોતા દાવાવાળી જમીનમા વાદીઓ તથા મનાભાઈ રેવજીભાઈના નામો ચાલતા આવેલા છે. એટલે કે દાવાવાળી જમીન સંયુકત દાવાવાળી જમીન છે. પ્રતિવાદીઓએ તેઓનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરીને વાદીની દાવા અરજીની હકીકતોને ચેલેન્જ કરેલ નથી. તેમજ પ્રતિવાદીઓએ વાદીની કોઈ ઉલટતપાસ પણ લીધેલ નથી.

==================================================================

તેવા સંજોગોમા વાદીઓએ તેઓની દાવા અરજીમા જે દાદ માંગેલી છે તે દાદ મેળવવા તેઓ હકકદાર જણાય આવે છે.

**(૯.૨)**વધુમાં વાદીપક્ષે જાહેરાત તથા વહેંચણી અંગેની દાદ માંગેલી છે. આ બાબતે 1996(2) GLR 525 (Ratilal Chunilal Solanki And Ors Vs. Shantilal Chunilal Solanki And Ors) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, The revenue authorities are duty bound to correct the mutation entry in the revenue records in accordance with the Civil Court's decision. (Para 3). જેથી અત્રેની અદાલતનો હકક, હિત, હિસ્સો નિર્ણીત કરતો કોઈ હુકમ રેવન્યુ અદાલતને બંધનકર્તા છે અને તે મુજબ તેઓ કાર્યવાહી કરવા બંધાયેલ હોવાની હકીકત જણાઈ આવે છે. વધુમાં વાદીપક્ષે ફકત ખેતીની જમીન બાબતે જ વહેંચણ માંગેલ છે. જે બાબતે 2001 (2) GLR 1679 (RAVATSINH RANUBHA vs. V. S. SINHA OR HIS SUCCESSOR AND ORS.) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, " In view of such provisions and especially explanation to Sec. 2(2) and sub-rule (2) to Rule 18, Order 20 which provide to pass preliminary decree qua the properties other than properties assessed to the payment of revenue to Government, the decree passed directing to partition the agricultural land will be the final decree as the Civil Court has nothing further to do in the matter, which is required to be done when properties other than agricultural land are ordered to be partitioned. After the decree directing the Collector to partition the agricultural lands subject to land revenue is passed, the Civil Court has even not to execute the decree; the Collector has to partition and put the concerned parties into the possession of the portions fallen to their share. The Civil Court has then not to even adjudicate any issue. Hence, by passing the decree qua agricultural lands the suit is finally and completely disposed of. The decree passed ordering to partition the properties both agricultural as well as non- agricultural properties, will be the final decree so far as it relates to agricultural lands subject to land revenue, while it will be the preliminary decree so far as it relates to the properties, not assessed to the payment of revenue to Government. (Para 9) ". જેથી ઉપરોકત ચર્ચા/મુલ્યાંકન લક્ષમાં લેતા વાદીપક્ષે દાવામાં વર્ણવેલ મોજે ચીખલી ભેંસરોટ તા.સોનગઢ મુકામે ખાતા નં.૧૮૪ થી નીચે મુજબ છે.

| **અ.નં.** | **બ્લોક નં.** | **એકર ગુંઠા** | **આકાર રૂ.પૈ.** |
|---|---|---|---|
| ૧ | ૯૮ | ૦–૮૨–૭૧ | ૦.૯૬ |
| ૨ | ૧૦૮ | ૧–૪૭–૧૨ | ૭.૫૫ |

==================================================================

==========================================================

| | | | |
|---|---|---|---|
| ૩ | ૧૧૨ | ૩–૬૬–૨૨ | ૪.૨૫ |
| ૪ | ૧૧૪ | ૦–૮૧–૦૧ | ૦.૯૦ |

આમ ઉપરોકત દાવાવાળી જમીનમા વાદીઓનો ૧/૨ હિસ્સો આવેલ હોવાનુ જણાય છે. આમ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદી તેઓની દાવાઅરજીમા જણાવેલ હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. તે સંજોગોમાં મુદા નં.૪ નો જવાબ હકારમાં આપી મુદા નં.પ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) વાદીનો દાવો મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મોજે ચીખલી ભેંસરોટ, તા.સોનગઢ, જી.તાપીના ખાતા નં.૧૮૪ જે જમીનમા બ્લોક/સ.નં. ૯૮, ૧૦૮, ૧૧૨, ૧૧૪ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૬–૭૭–૦૬ વાળી જમીનમા વાદીઓનો ૧/૨ હિસ્સો આવેલો હોવાનુ ઠરાવવામા આવે છે અને તે મુજબ વાદીઓ વહેંચણી કરાવી લેવા માટે હકકદાર હોવાનુ ઠરાવવામા આવે છે.

(૩) સદરહુ હુકમની તારીખથી દિન–૩૦ માં પ્રતિવાદીઓએ સદરહુ હુકમનો અમલ યાને કે પાલન કરવાનુ રહેશે અને/અથવા પક્ષકારો વચ્ચે સહમતિથી સદરહુ હુકમનુ પાલન કરવામા ન આવે તો તેવા સંજોગોમાં વાદી હિસ્સા વિભાજનની કાર્યવાહી સી.પી.સી.ઓર્ડર–૨૦ રૂલ–૧૮ અન્વયે કરાવી લેવા હકકદાર થશે.

(૪) દિન–૩૦ બાદ પક્ષકારો વચ્ચે હુકમની અમલવારી સહમતિથી શકય ન બને ત્યારે કચેરીએ સી.પી.સી.ઓ.૨૦ રૂ.૧૮ તથા સી.પી.સી.કલમ–૫૪ અન્વયે યોગ્ય બજવણી અર્થે હુકમનામુ કલેકટરશ્રીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સદર કામે આ હુકમ મુજબ પક્ષકારો વહેંચણી કરી પોત પોતાનો હિસ્સો મેળવી ન લે ત્યાં સુંધી વાદી–પ્રતિવાદીઓએ કે તેમના પ્રતિનીધિઓ દાવાવાળી જમીન/મિલકત કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીશ કે અન્ય રીતે તબદીલ–ટ્રાન્સફર કરવી–કરાવવી નહી કે તેમાં કોઈ બોજો ઉત્પન્ન કરવો–કરાવવો નહી કે વાદીના હકક, હિત, હિસ્સા વિરૂધ્ધનુ કોઈપણ જાતનુ ગેરકાયદેસર કૃત્ય કરવુ કરાવવુ નહી તેવો મનાઈહુકમ વાદીપક્ષની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં આપવાનો હુકમ કરવામાં આવે છે. પક્ષકારો વચ્ચે આ હુકમની

==========================================================

==============================================================

અમલવારી થયા બાદની પરિસ્થિતીમાં વાદીના હિસ્સાની જમીનમાં પ્રતિવાદીઓએ કે તેમના પ્રતિનીધિઓ ગેરકાયદેસર પ્રવેશ કરવો-કરાવવો નહી કે વાદીના કબજામાં કોઈ હરકત, અંતરાય, અડચણ કરવી-કરાવવી નહી તેવો કાયમી મનાઈ હુકમ વાદીપક્ષની તરફેણમાં અને પ્રતિવાદીપક્ષની વિરૂધ્ધમા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) રેવન્યુના કોઈ કાયદાના અનાદર/ભંગ બદલની કોઈ કાર્યવાહીને સદર ચુકાદો બંધનકર્તા/અસરકર્તા બનશે નહી યાને કે રેવન્યુના કોઈ કાયદાના અનાદર/ભંગ બદલની કાર્યવાહીમાં રેવન્યુ સત્તાધિકારી કાયદા હેઠળ મળેલ સત્તા/પ્રક્રિયા અનુસરવા તેમની વિવેકબુધ્ધિ અન્વયે સપુર્ણ મુકત છે.

(૭) ખર્ચ પરીણામને અનુસરશે તે સિધ્ધાંત ધ્યાને લેતા પ્રતિવાદીઓએ પોતાનો તથા વાદીનો ખર્ચ ભોગવવો.

(૮) હુકમ મુજબ પ્રાથમિક/પ્રારંભિક હુકમનામું દોરવું.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૭-૦૩-૨૦૨૬
સ્થળ: સોનગઢ.

**(એમ.ડી.પરમાર)**
જજ કોડ નં. જીજે ૦૧૩૦૪
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.

==============================================================